# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૮/૦૯/૨૦૨૬ થી તા.૦૪/૧૦/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીકમાં આર્થિક બાબતો પ્રભાવિત થઈ શકે માટે ઉધાર લેવા દેવાનું ટાળવું. પોતાની મહત્ત્વાકાંક્ષા માટેના પ્રયત્નો સફળ બનશે. નોકરીમાં મળેલી જવાબદારીનો જશ મળે. આર્થિક બાબતે રોકાણમાં ધીરજ રાખવી. ભાગીદારીમાં તક મળે, પારિવારિક ધંધામાં આવક વધશે. ઘરમાં નાનાં સભ્યોની સમસ્યાનું સમાધાન થાય. કોઈ સામાજિક કે ધાર્મિક સમારોહમાં ભાગ લેવાનું બનશે. મૌન રહેવું.

**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહ દરમિયાન મહત્ત્વના પ્રોજેક્ટનો ભાગ બનશો પણ ઈર્ષાળુ, મિત્રો દખલ કરશે માટે સાવધાન રહેવું. વિદેશ સાથેના વેપાર ધંધામાં લાભ થાય. પ્રવાસમાં પોતાના સામાનનું ધ્યાન રાખવું. પ્રેમમાં ધીરજ રાખવી. સરકારી યોજનાનો લાભ મળે. આરોગ્ય બાબતે યોગ્ય નિદાન થઈ શકે છે. કોઈ પણ વાતમાં લાગણીમાં આવવું નહીં. નોકરીમાં નવી તક મળે. વારસાગત ધંધામાં આવક વધે. નવું શીખવાથી ઉત્સાહિત રહેશો.

**મિથુન (ક,છ,ઘ):-** સપ્તાહ ટીમ વર્કમાં ભાગ લેવાથી નવું શીખવા મળે તથા નાની નાની બાબતોમાં મદદરૂપ બનવાથી સહકાર મળે, ઘર, ઓફિસમાં આવતા બદલાવ કે ફેરફારથી અશાંતિ વધશે. મિત્રોનો સાથ મળે. સંતાનોની સમસ્યા સતાવે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. પ્રેમ વિવાહની શક્યતા વધશે. અચાનક શુભ સમાચાર મળે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. માનસિક શાંતિ માટે મૌન રહેવું.

**કર્ક (ડ,હ):-** વીક તમારી કસોટી કરનાર રહેશે. ભાગ્યના સાથ માટે તૈયાર રહેવું પડશે. કરેલા કામનું ફળ મળે. નવી ઓળખ ઊભી થાય. ઉપરી વર્ગ અને વડીલોની મદદ મળે. નોકરીમાં નવી જવાબદારી વધે. ધંધા-વેપારમાં નવી યોજના પાર પડે. સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય. સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. સંતાનો કે નાનાં ભાઈ-બહેનોના વિવાહ વગેરે થઈ શકે. કોઈ ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બનશે.

**સિંહ (મ,ટ):-** સપ્તાહ વડીલોની સમસ્યા અને આરોગ્યની ચિંતામાં પસાર થાય તેમ જ દૂરનાં સંબંધીઓને મળવા જવાનું બને. ખર્ચા વધશે. આર્થિક બાબતે સાવધાની રાખવી. ધાર્મિક સાહિત્ય, પ્રવાસ વગેરેનું આયોજન કરનારને લાભ થાય. વિદેશ પ્રવાસની યોજના પાર પડે. ધાર્મિક પ્રવૃત્તિ થાય. દાન-પુણ્યથી શાંતિ મળે. ઉચ્ચ પદની નોકરી મળે. બૌદ્ધિક લોકોને મળવાથી નવું જાણવા મળશે.

**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ કાર્યસ્થળ પર તમારી બુદ્ધિક્ષમતા અને નવા કામને પૂર્ણ કરવાની કુનેહનો દબદબો વધારનાર રહેશે. ભાગીદારીમાં નવી યોજના બને. રોજના કામમાં નવીનતા આવે. આવકનાં સાધનો વધશે. સરકારી નોકરીમાં સાવધાની રાખવી. વારસાનાં કામ થાય. અચાનક શુભ સમાચાર મળે. આરોગ્યનું ધ્યાન રાખવું. વિદેશનાં કામ થાય. કાયદાકાનૂન સાહિત્ય, ઉચ્ચ શિક્ષણ અને ટેકનોલોજીને લગતાં કામમાં સફળતા મળે.

**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં સરકારી નોકરિયાતને જવાબદારી વધે. બદલી થાય અને નવી નોકરીની શોધવાળાને ખાનગી કંપનીમાં તક મળે. વિદેશની મહત્ત્વની કંપનીમાંથી ઓફર આવે. ટેકનોલોજીને લગતા જ્ઞાનનો લાભ મળે. રોજના કામથી લાભ વધે. આવક વધે. સામાજિક સમસ્યાનું સમાધાન થાય. કોઈ પણ કામ ભાવનામાં આવીને કરવું નહીં. આર્થિક લેવડદેવડથી દૂર રહેવું. વિદ્યાભ્યાસમાં નવી ટેકનોલોજીથી લાભ થાય. શુભ સમાચાર મળે.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં પરીક્ષા કે ઈન્ટરવ્યુ આપનારને ભાગ્યનો સાથ મળશે. શેર બજારમાં લાભ થાય. આવક વધશે. સંતાનોની સમસ્યાનું સમાધાન થાય. બેંકના કામમાં સાવધાન રહેવું. નોકર-ચાકરથી નુકસાન થઈ શકે છે. નવી નોકરીની યોજના બને. ઉપરી વર્ગનો સાથ મળે. સ્ત્રી મિત્રોથી સાવધાન રહેવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. સમાજજીવનમાં સાવધાન રહેવું. મહત્ત્વની યોજના પાર પડે. વિદેશ સાથેના કામમાં લાભ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ નવા અવસર પેદા કરનાર રહેશે. પોતાના કામને સારી રીતે કરવાનો મોકો મળશે. ઘર-પરિવારની સમસ્યા વધશે. પ્રોપર્ટીને લગતા કામમાં ધીરજ રાખવી. બહારનાં કામનો બોજ વધશે. ટેકનોલોજીથી લાભ થાય. સંતાનોના કામમાં મદદ મળે. પ્રેમમાં સાથ મળે. પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. નવા રોકાણથી લાભ થાય. સરકારી નોકરીમાં ગફલત કરવી નહીં. નોકર-ચાકરથી સાવધાન રહેવું. આરોગ્યનું ધ્યાન રાખવું.

**મકર (ખ,જ):-** ચાલુ વીકમાં કાર્યક્ષેત્રે જવાબદારી વધે. ઓનલાઈન ધંધામાં પ્રગતિ થાય. ટેકનોલોજીથી લાભ થાય. પરિવારમાં નાના સભ્યોની પ્રગતિથી ઉત્સાહ વધશે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઘર, મકાન બાબતે પ્રગતિ થાય. બહારના કામમાં મદદ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા વધવાથી ઉત્સાહિત રીતે કામ પાર પડશે. પ્રેમવિવાહની ઓફર આવી શકે. ગુપ્ત ભય સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ):-** તમારી બૌદ્ધિક કુશળતા અને રચનાત્મક કાર્યશૈલીની કદર ચાલુ વીકમાં થાય. વાણી-વ્યવહાર અને વહીવટી કુશળતાથી પ્રોજેક્ટ સફળ બને. ટેકનોલોજીને લગતાં કામથી લાભ થાય. ઘર પરિવાર સાથે પ્રવાસ થાય. ધાર્મિક પ્રવાસથી શાંતિ મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન, આત્મવિશ્વાસ વધશે. દાંપત્યજીવનમાં તાલમેળ રાખવો. જમીન વારસાને લગતાં કામ પાર પડે. પ્રેમમાં સાથ મળે. પરીક્ષામાં સફળતાથી ઉત્સાહ વધે.

**મીન (દ,ચ,ઝ,થ):-** ચાલુ વીકમાં આવકનાં સાધનો વધે. એકાગ્રતા અને હકારાત્મક વિચારોથી અટકેલાં કામ પાર પડશે. સમાજમાં યશ મળે. નોકરીમાં પદપ્રાપ્તિ થાય. પારિવારિક ધંધા, ખાણી-પીણી, મોજ-શોખ અને માર્કેટીંગને લગતાં કામમાં લાભ થાય. ભાઈ-બહેનોની પ્રગતિથી શાંતિ મળે. દલાલીની આવક વધે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઘર, વાહન, જમીન, વારસાને લગતાં કામ થાય. વડીલોની મદદથી બહારનાં કામ થાય.

## નીચનો મંગળ

યુધ્ધ, પરાક્રમ, સાહસ અને સ્વતંત્રનો કારક મંગળ તા. 18-09-2026 થી તા.12-11-2026 સુધી પોતાની નીચ રાશિ કર્કમાં ભ્રમણ કરશે. વૈદિક જ્યોતિષ મુજબ નીચનો કોઈ પણ ગ્રહ પોતાની સૌથી કમજોર, અસહજ અને નિર્બળ સ્થિતિમાં માનવામાં આવે છે. જ્યારે કોઈ ગ્રહ પોતાની નીચ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે તેની મૂળભૂત પ્રકૃતિમાં બદલાવ આવે છે અને શુભત્વ ગુમાવી દે છે અને જે તે ગ્રહના કારકત્વમાં આવતાં કાર્યોનું નકારાત્મક ફળ આપે છે અને જે તે ગ્રહની નકારાત્મક પ્રકૃતિને બળ મળે છે.

મંગળ એક સેનાપતિ છે. ક્રોધ, ભૂમિ, સંપત્તિ, વિજય વગેરેનો કારક હોવાથી આ બધાં કાર્યોમાં વિઘ્નો આવે અને જાતકનો સ્વભાવ તામસી અને ક્રોધી બની જાય છે. ભાઈ-બહેનો કારક હોવાથી સંબંધોમાં વિવાદ પેદા કરે. જમીન અને સંપત્તિને લગતા, કોર્ટ-કચેરીમાં ધકેલી દે છે. પોલીસ અને સેનાનો કારક હોવાથી આ લાઈન સાથે જોડાયેલાની મુસીબતો વધારી દે છે. કોઈ હુમલાના ભોગ બનાવે કે અકસ્માતમાં નુકસાન કરાવે છે. ભાગીદારો વચ્ચે વિવાદ કરાવીને પોલીસ કે કોર્ટ કેસના ભોગ બનવાનું બને છે. મંગળ અચાનક અને તરત જ પરિણામ આપનાર ગ્રહ છે. પરિવાર અને અંગત જીવનમાં માનસિક બાબતે ભાવુક અને સંવેદનશીલ બનાવીને ક્રોધિત કરીને પોતાને અને પરિવારને ભાવનાત્મક રીતે કમજોર કરીને સુખ-શાંતિ હણી લે છે. પોતાની સકારાત્મક ઊર્જાને ખોટા વિવાદો વ્યય કરાવે અને ઘર-પરિવારની બાબતો, સંપત્તિ, મકાન, વાહન, ઘરમાં રીનોવેશન કે સમારકામ અને બિનજરૂરી વસ્તુ કે સામાન ખરીદાવીને નુકસાન કરવાની વૃત્તિ પેદા નીચનો મંગળ કરે છે.

ક્રોધના કારણે બ્લડ પ્રેશર, ડીપ્રેશન, માંસપેશિયોમાં દર્દ, હાડકાની સમસ્યા, આગ, અકસ્માત, એસીડિટી, છાતીમાં પાચનતંત્રમાં સમસ્યા, આગ વગેરેથી નુકસાન કરાવીને જાતકને શારીરિક અને માનસિક ત્રાસના ભોગ બનાવે છે. આવનાર 55 દિવસ દરમિયાન નીચના કર્ક રાશિના મંગળનો પ્રભાવ દેશ અને દુનિયાની સરહદો પર પણ નકારાત્મક જોવા મળશે. ચંદ્રની કર્ક રાશિ જળતત્ત્વની છે. અગ્નિ તત્ત્વના મંગળને આ રાશિ માફક આવતી નથી માટે સમુદ્રી વિવાદો પણ વકરશે. દુનિયામાં ચાલતી યુધ્ધ જેવી સ્થિતિને ભડકાવનાર મંગળ બને છે.

યુધ્ધ સાથે જોડાયેલ દેશો અને અન્ય દેશોના વડાઓ આક્રમક બનીને રક્ષાત્મક અને કડક પગલાં ભરશે. રશિયા- યુક્રેન અને ખાડી યુદ્ધ તથા ઈઝરાયલ અને અમેરિકા જેવા દેશો યુધ્ધખોર બનીને વિનાશ કરે તેવું આ નીચનો મંગળ સ્થિતિ પેદા કરશે. વિશ્વના પ્રભાવશાળી નેતાઓ પણ આક્રમક બનશે. કારણ સરહદોને ભડકે બાળનાર નીચનો મંગળ આંધળું સાહસ કરવાની પ્રેરણા આપશે. મંગળ જળ અને થળ તથા આકાશી સીમા પર પ્રભુત્વ ધરાવે છે. જળતત્ત્વની કર્ક રાશિ સમુદ્ર-નદી-તળાવ, ગ્લેસિયર, ખાડી- નાળા વગેરેની કારક છે. માટે પાણીના સ્રોત અને સમુદ્રી સીમાઓ પર વર્ચસ્વને લઈને વિવિધ દેશો વચ્ચે વિવાદ વકરશે. જળ અને થલ તથા અવકાશી સીમાઓ પર આગ, અકસ્માત વધશે. સમુદ્રમાં સુનામી, જહાજ દુર્ઘટના અને સમુદ્રી તટ પરનાં ક્ષેત્રો કે પરદેશો પર કુદરતી આપદા વધશે અને જાન-માલનું નુકસાન વધશે.

મંગળ ટેકનોલોજીનો કારક છે. નીચનો મંગળ અચાનક ટેકનીકલી ખામી પેદા કરીને જળ સેવા અને પાવરગ્રીડમાં ખામીથી સંકટ પેદા કરે તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે. દેશના પડોશી દેશો તેમજ દુનિયાભરના પડોશી દેશો સીમા વિવાદથી પ્રભાવિત થશે અને સંબંધો નાજુક બની શકે છે. ભારત દેશના પડોશીઓ પોતાની હરકતોથી તંગદિલી વધારે એવું વાતાવરણ ઉગ્ર બનશે. ભારતની સીમા પર સેના અને સુરક્ષા દળની ગતિવિધિ આ સમય દરમિયાન તેજ બની શકે છે.

સ્વતંત્ર ભારતના ત્રીજા સ્થાનમાં આ યોગ બને છે. પાકિસ્તાનના, ચોથા સ્થાનમાં, ચીનના સાતમા સ્થાનમાં રહેલ મંગળ પરથી મંગળ પસાર થશે માટે ચીન લડાયક બનશે. તેની નફ્ફટાઈ યુધ્ધ વૃત્તિની અસર ભારત પર નકારાત્મક જોવા મળશે. બાંગ્લા દેશના ત્રીજા સ્થાનમાં બને છે માટે તે પણ ભારતની શાંતિમાં ભંગ પાડશે. આપણા સ્વતંત્ર ભારતની કુંડલીમાં ત્રીજા સ્થાનમાં પ્લુટો સહિત કુલ છ ગ્રહો પરથી હાલ ગુરુ પસાર થાય છે અને મંગળનો પ્રવેશ થવાથી ત્રીજું સ્થાન ગ્રહણી પ્રભાવિત થાય છે. સામાન્ય રીતે કર્ક રાશિમાં ગુરુ મંગળની યુતિને શુભ માનવામાં આવે છે પણ ગુરુ આશ્લેષામાં ગંડાત દોષના કારણે નકારાત્મક ફળને પ્રભાવિત કરે છે અને મંગળની આ રાશિ નીચની સાથે પ્રકૃતિ ભેદવાળી હોવાથી વધુ નકારાત્મક બને છે માટે ભારત દેશની સીમાઓની સાથે દેશની આંતરિક રાજનીતિ ખૂબ જ પ્રભાવિત થશે. રાજનીતિમાં નાટકીય વળાંક આવશે. શાસક પક્ષના નેતાઓ આપસમાં ઝઘડવા અને એકબીજા પર આરોપ-પ્રત્યારોપ લગાવીને દેશની વ્યવસ્થાને ડામાડોળ કરવાની મંગળ નકારાત્મક શક્તિ આપશે. જનતાની ભાવના ભડકશે. જનતાની સંવેદનશીલતા પરાકાષ્ઠાએ પહોંચશે અને સામાન્ય લોકો તથા સરકાર વચ્ચે ઘર્ષણ વધશે. સરકારી વ્યવસ્થા અને સરકારની કાર્યપધ્ધતિ સામે લોકોનો આક્રોશ વધશે. વિરોધ પક્ષ મજબૂત બનશે અને જનતાનો વિરોધ પ્રદર્શનમાં પરિવર્તિત થવાની શક્તાને નીચનો મંગળ બળ આપશે.

કર્ક રાશિમાં 31 ઓક્ટોબર સુધી નીચના મંગળ સાથે ગુરુનું ભ્રમણ રહેશે. ગુરુ, ન્યાય, શિક્ષણ, સમાજ વ્યવસ્થા, ન્યાયતંત્ર, સરકાર, આર્થિક બાબતો અને દેશની આંતરિક વ્યવસ્થાનો કારક છે અને મંગળ યુધ્ધ, ઝઘડા, ક્રોધ, આંદોલન અને તે પણ ન્યાય માટેના આંદોલન કે ઝઘડાનો કારક છે. માટે આવનાર સમયમાં દેશમાં ન્યાય કે કાયદા કાનૂન બાબતે લડત કે આંદોલનને બળ મળશે. હાલમાં CJPની જે સક્રિયતા છે તેને બળ મળશે. અચાનક કોઈ સંવેદનશીલ મુદ્દો ઉભરી આવશે જે ન્યાયની લડાઈમાં પરિવર્તિત થશે. દેશના રાજકારણમાં આમૂલ પરિવર્તનના યોગ ચાલે છે. તેને કર્કનો મંગળ પ્રબળ કરશે. નવા જૂની થશે જ.

# 2030 સુધી રેલવેને ડીઝલમુક્ત બનાવવાનો લક્ષ્યાંક

**અમિત** શાહે દેશની પ્રથમ LNG ટ્રેનને લીલીઝંડી બતાવી

અમદાવાદ : સાબરમતીની ધરતી પરથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના રેલવે વિકાસના આંકડા રજૂ કરીને અગાઉની સરકાર અને મોદી સરકાર વચ્ચેના તફાવતને રાજકીય મુદ્દો બનાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે 2009થી 2014 દરમિયાન ગુજરાતને રેલવે માટે પાંચ વર્ષમાં માત્ર રૂ.589 કરોડ મળ્યા હતા, જ્યારે 2026-27ના એક જ બજેટમાં ગુજરાત માટે રૂ.17,366 કરોડ ફાળવાયા છે. કોંગ્રેસ પર સીધો પ્રહાર કરતાં શાહે કહ્યું હતું કે દેશની જનતાએ પાયાવિહોણી વાતોના બદલે આંકડાઓ સાથે જવાબ આપવો જોઈએ. આ સાથે જ સાબરમતી ખાતે દેશની પ્રથમ LNG સંચાલિત ટ્રેનને લીલીઝંડી બતાવવામાં આવી હતી અને રૂ.1,542 કરોડથી વધુના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાબરમતી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં શાહે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને રેલવેએ આગળ ધપાવ્યું છે. રેલવેમાં થયેલા પરિવર્તનનો ઉલ્લેખ કરતાં તેમણે ડીઝલ વપરાશ, વિદ્યુતીકરણ, લોકોમોટિવ ઉત્પાદન અને રેલવે સુરક્ષા બજેટ સહિતના વિવિધ આંકડા રજૂ કર્યા હતા. દેશની પ્રથમ LNG આધારિત ટ્રેનને લીલીઝંડી બતાવતાં શાહે રેલવેના ગ્રીન એનર્જી અભિયાનને આગળ ધપાવવાનો દાવો કર્યો હતો. ટ્રેનમાં ડીઝલના સ્થાને 40 ટકા સુધી LNGનો ઉપયોગ થઈ શકે છે અને તેનાથી ઈંધણ વપરાશ તથા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાનો હેતુ છે. શાહે તેને નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્ય તરફનું મહત્વનું પગલું ગણાવ્યું હતું. અમિત શાહે જણાવ્યું હતું કે 2015-16માં રેલવેમાં 293 કરોડ લીટર ડીઝલનો વપરાશ થતો હતો, જે 2024-25માં ઘટીને 108 કરોડ લીટર થયો છે. 2030 સુધીમાં ડીઝલ વપરાશ શૂન્ય કરવાનો લક્ષ્યાંક હોવાનું તેમણે જણાવ્યું હતું. રેલવે વિદ્યુતીકરણની ગતિનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે 2010-11માં વર્ષે માત્ર 75 કિલોમીટરનું વિદ્યુતીકરણ થતું હતું, જ્યારે 2023-24માં એક જ વર્ષમાં 7,188 કિલોમીટરનું વિદ્યુતીકરણ થયું છે. શાહે વધુમાં જણાવ્યું હતું કે નવા બનેલા લોકોમોટિવમાં 94 ટકા ઉત્પાદન ભારતમાં થાય છે અને આગામી સમયમાં તેને 100 ટકા સુધી લઈ જવાની તૈયારી છે. આશરે 12,000 હોર્સપાવરની ક્ષમતા ધરાવતા WAG-12 લોકોમોટિવને તેમણે ભારતીય રેલવેની ક્ષમતામાં મોટા ફેરફાર તરીકે ગણાવ્યો હતો.

### સાબરમતી સ્ટેશનના કાયાકલ્પથી કવચ સુધી

શાહે સાબરમતી રેલવે સ્ટેશનના બદલાયેલા સ્વરૂપનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે અગાઉના સમયમાં રિક્ષા મેળવવા માટે બે કિલોમીટર ચાલવું પડતું હતું, જ્યારે હવે સ્ટેશનથી મેટ્રો, બસ અને બુલેટ ટ્રેન સ્ટેશન સુધી કનેક્ટિવિટી ઊભી થઈ છે. સાબરમતી ખાતે આશરે રૂ.700 કરોડના ખર્ચે WAG-12 લોકોમોટિવ મેન્ટેનન્સ શેડનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાબરમતી-કલોલ-ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી-સાણંદ-જખવાડા રેલખંડ પર 122.57 કિલોમીટરની સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ પ્રણાલીનું લોકાર્પણ થયું છે. અમદાવાદ મંડળના અમદાવાદ-પાલનપુર અને અમદાવાદ-સામાખ્યાલી સહિતના 404 કિલોમીટર લાંબા રેલખંડ પર 'કવચ' પ્રણાલી સ્થાપવા માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સાબરમતી-સરખેજ વચ્ચેના 21 કિલોમીટર રેલવે ટ્રેકના ડબલિંગ કાર્યનો પણ પ્રારંભ થયો છે.

### 'ઇકોનોમી અને ઇકોલોજી બંને સાથે' : ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે LNG ટ્રેનની શરૂઆતને ક્લીન-ગ્રીન એનર્જી તરફનું પગલું ગણાવતાં જણાવ્યું હતું કે સરકાર 'ઇકોનોમી અને ઇકોલોજી' બંનેને સાથે લઈને આગળ વધી રહી છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસને અનુરૂપ રેલવે માળખાને ભવિષ્યલક્ષી બનાવવામાં આવી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 25 વર્ષના જાહેરજીવનનો ઉલ્લેખ કરતાં કલમ 370, આંતરિક સુરક્ષા અને નક્સલવાદ સામેની નીતિ જેવા મુદ્દાઓ પણ પોતાના સંબોધનમાં આગળ કર્યા હતા. ગુજરાતમાં બુલેટ ટ્રેન ઉપરાંત પાંચ વંદે ભારત, એક અમૃત ભારત અને એક નમો ભારત ટ્રેન તથા અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ 87 રેલવે સ્ટેશનોના કાયાકલ્પનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત રેલવેના અધિકારીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બંને નેતાઓના સંબોધનમાં એક તરફ સાબરમતીના રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના નવા પ્રોજેક્ટ્સ રજૂ થયા હતા તો બીજી તરફ મોદી સરકારના રેલવે વિકાસના આંકડા અને અગાઉની સરકારોના રેલવે બજેટ વચ્ચેની સરખામણી રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહી હતી.

# કોંગ્રેસ જીતે ત્યાં લોકશાહીની જીત, ભાજપ જીતે ત્યાં વોટચોરી?

**SIR** વિવાદમાં સીએમ ભૂપેન્દ્ર પટેલનો કોંગ્રેસ પર વળતો પ્રહાર

ગાંધીનગર : ગાંધીનગરમાં SIR અને ચૂંટણી પંચની સ્વાયત્તતા મુદ્દે ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરો વળતો પ્રહાર કર્યો છે. ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવતી કોંગ્રેસને સીએમ ભૂપેન્દ્ર પટેલે તેના જ શાસનકાળની ચૂંટણી પંચ અંગેની ભૂમિકા યાદ અપાવતાં કહ્યું કે જે લોકોએ પોતાના શાસન દરમિયાન ચૂંટણી પંચની સ્વાયત્તતા હણી હતી, તેઓ આજે પંચની કામગીરી સામે આંગળી ઉઠાવી રહ્યા છે. SIR અંગે ત્રણેય ચૂંટણી કમિશનરોએ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું સ્પષ્ટ કર્યું છે તેમ જણાવી મુખ્યમંત્રીએ કોંગ્રેસના ચૂંટણી પંચમાં મતભેદ હોવાના આક્ષેપોને ફગાવ્યા હતા. ચૂંટણી પંચે પણ 26 સપ્ટેમ્બરની બેઠક બાદ SIR સંબંધિત નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવ્યું છે.



'જ્યાં કોંગ્રેસ જીતે ત્યાં લોકશાહીની જીત, ભાજપ જીતે ત્યાં વોટચોરી?'

ભૂપેન્દ્ર પટેલે કોંગ્રેસના વલણ પર સવાલ ઉઠાવતા કહ્યું કે કોંગ્રેસનું "ચાવવાના અને બતાવવાના બેય દાંત જુદા" છે. તેમના આક્ષેપ મુજબ, જ્યાં કોંગ્રેસને જનાદેશ મળે ત્યાં તેને લોકશાહીની જીત અને ચૂંટણી પંચની તટસ્થતા ગણાવવામાં આવે છે, જ્યારે ભાજપને જનાદેશ મળે ત્યારે 'વોટચોરી'ના આક્ષેપો કરવામાં આવે છે. પટેલે કહ્યું હતું કે લોકશાહીમાં સવાલ પૂછવાનો અધિકાર સૌને છે, પરંતુ ચૂંટણી જેવી સંવેદનશીલ બંધારણીય સંસ્થા અંગે ચર્ચા તથ્ય, કાયદા અને સંસ્થાઓ પ્રત્યેના વિશ્વાસના આધારે થવી જોઈએ.



# ગોંડલ નજીક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણનાં મોત

**સાળંગપુર** દર્શન બાદ અક્ષર ડેરી જતાં હતા ત્યારે કારે એક્ટિવાને ટક્કર મારી

અમદાવાદ : ગોંડલ તાલુકાના ધોધાવદર અને રામોદ ગામ વચ્ચે રવિવારે ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં ઘટનાસ્થળે જ મોત નીપજતાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

પુરપાટ ઝડપે આવી રહેલી ટાટા નેક્સોન કારે એક્ટિવાને જોરદાર ટક્કર મારતાં એક્ટિવા પર સવાર પતિ-પત્ની અને તેમના 13 વર્ષના પુત્રનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતાં. અકસ્માતના પગલે મૃતકોના વતન અનિડા ભાલોડી ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પોલીસ સૂત્રોએ આપેલી માહિતી મુજબ, અનિડા ભાલોડી ગામના જયેશભાઈ કરશનભાઈ બગડા (40) પત્ની શાંતુબેન ઉર્ફે શારદાબેન અને 13 વર્ષના પુત્ર વ્રજ સાથે એક્ટિવા (GJ-03-LS-5971) પર રામોદ ખાતે સસરાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન ધોધાવદર નજીક સામેથી આવી રહેલી ટાટા નેક્સોન કાર (GJ-23-CF-0472) સાથે એક્ટિવાની ધડાકાભેર ટક્કર થઈ હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે નેક્સોન કાર એક્ટિવાને ઢસડીને રસ્તા નજીકના ખાડા સુધી લઈ ગઈ હતી અને ત્યારબાદ પલટી મારી હતી. અકસ્માતમાં એક્ટિવા પરથી ફંગોળાયેલા જયેશભાઈ, શાંતુબેન અને પુત્ર વ્રજને ગંભીર ઈજાઓ થતાં ત્રણેયનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

# રાજ્યમાં 89%, સૌરાષ્ટ્ર-કચ્છમાં 71%થી પણ ઓછો વરસાદ

**ગુજરાતમાં** ચોમાસાની વિદાય, વરસાદની અસમાનતાએ ચિંતા વધારી

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસું હવે વિદાયના તબક્કામાં પહોંચી ગયું છે ત્યારે રાજ્યમાં સરેરાશ વરસાદનો આંકડો 89.16 ટકા એટલે કે 810.32 મિ.મી. સુધી પહોંચ્યો છે, પરંતુ આ આંકડા પાછળ વરસાદની ભારે અસમાનતા છુપાયેલી છે. દક્ષિણ ગુજરાતમાં સરેરાશ કરતાં વધુ 114.23 ટકા વરસાદ નોંધાયો છે, જ્યારે બીજી તરફ સૌરાષ્ટ્રમાં માત્ર 71.29 ટકા, ઉત્તર ગુજરાતમાં 71.04 ટકા અને કચ્છમાં 57.60 ટકા વરસાદ થયો છે. સૌથી નીચો વરસાદ દેવભૂમિ દ્વારકામાં માત્ર 16.45 ટકા, પોરબંદરમાં 30.85 ટકા અને જામનગરમાં 42.83 ટકા નોંધાતા ચોમાસાના અંતે સૌરાષ્ટ્ર-કચ્છના વરસાદની ઘટ વધુ સ્પષ્ટ બની છે. 27 સપ્ટેમ્બરના રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા 24 કલાકમાં એકપણ જિલ્લામાં કે તાલુકામાં વરસાદ નોંધાયો નથી. 27 સપ્ટેમ્બરે સવારે 6થી સાંજે 4 વાગ્યા સુધી પણ રાજ્યમાં વરસાદનો એક ટીપો નોંધાયો નથી. એટલે ચોમાસાના અંતિમ તબક્કામાં રાજ્યમાં વરસાદી પ્રવૃત્તિ લગભગ થંભી ગઈ છે. બીજી તરફ હવામાન વિભાગે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય રેખા ઉદયપુર, ડીસા અને નલિયા થઈને આગળ વધી રહી હોવાનું દર્શાવ્યું છે.

### આગામી સપ્તાહે સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટેભાગે સૂકું હવામાન

ચોમાસાની વિદાયની પ્રક્રિયા આગળ વધતાં આગામી સપ્તાહે વરસાદનો વ્યાપ મર્યાદિત રહેવાની આગાહી છે. 28થી 30 સપ્ટેમ્બર સુધી દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. 30 સપ્ટેમ્બરથી બનાસકાંઠા, પાટણ અને વાવ-થરાદમાં પણ વરસાદના ઝાપટાંની શક્યતા છે. 1 ઓક્ટોબરે જામનગર, પોરબંદર, મોરબી, દેવભૂમિ દ્વારકા અને કચ્છમાં પણ છૂટાછવાયા વરસાદની સંભાવના દર્શાવવામાં આવી છે. જોકે સૌરાષ્ટ્રના મોટા ભાગમાં આગામી દિવસોમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. 2 ઓક્ટોબરે પણ બનાસકાંઠા, પાટણ, વાવ-થરાદ, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં છૂટાછવાયા વરસાદની સંભાવના રહેશે, જ્યારે 3થી 4 ઓક્ટોબર દરમિયાન સમગ્ર ગુજરાતમાં હવામાન મોટેભાગે સૂકું રહેવાની આગાહી છે. આગામી સાત દિવસ માટે ભારે વરસાદની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી.

### દક્ષિણ ગુજરાત મેઘમહેરમાં આગળ, સૌરાષ્ટ્ર-કચ્છ પાછળ

ઝોનવાર સ્થિતિમાં દક્ષિણ ગુજરાતમાં 1,761.43 મિ.મી. એટલે 114.23 ટકા વરસાદ નોંધાયો છે. પૂર્વ-મધ્ય ગુજરાતમાં 734.37 મિ.મી. એટલે 89.67 ટકા વરસાદ થયો છે. તેની સામે સૌરાષ્ટ્રમાં 543.39 મિ.મી. એટલે 71.29 ટકા, ઉત્તર ગુજરાતમાં 518.88 મિ.મી. એટલે 71.04 ટકા અને કચ્છમાં માત્ર 287.90 મિ.મી. એટલે 57.60 ટકા વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યનો કુલ આંકડો 89 ટકા પાર ગયો હોવા છતાં પ્રદેશવાર સ્થિતિમાં મોટો તફાવત યથાવત્ છે.

### દ્વારકામાં સૌથી મોટી ઘટ, પોરબંદર-જામનગરની સ્થિતિ પણ નબળી

જિલ્લાવાર આંકડા વરસાદની અસમાનતાની વધુ સ્પષ્ટ તસવીર આપે છે. દેવભૂમિ દ્વારકામાં માત્ર 139 મિ.મી. એટલે 16.45 ટકા, પોરબંદરમાં 262 મિ.મી. એટલે 30.85 ટકા અને જામનગરમાં 320 મિ.મી. એટલે 42.83 ટકા વરસાદ થયો છે. કચ્છમાં 288 મિ.મી. એટલે 57.60 ટકા, રાજકોટમાં 458 મિ.મી. એટલે 61.85 ટકા, બનાસકાંઠામાં 461 મિ.મી. એટલે 63.83 ટકા અને ગીર સોમનાથમાં 645 મિ.મી. એટલે 62.54 ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં વરસાદની સ્થિતિ સરેરાશ કરતાં ઘણી સારી રહી છે. વલસાડમાં 124.05 ટકા, નવસારીમાં 129.73 ટકા અને ડાંગમાં 112.16 ટકા વરસાદ નોંધાયો છે. સુરતમાં 116.07 ટકા અને ભરૂચમાં 115.60 ટકા વરસાદ નોંધાયો છે.

### તિલક લગાવીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અપીલ

# ગરબામાં બિન હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધની માંગ

**સ્ટાફ**, કલાકારો અને કોન્ટ્રાક્ટરો હિન્દુ હોવા જોઈએ તેવી VHP-બજરંગ દળની રજૂઆત

**ઓળખપત્ર** અથવા અધિકૃત પાસ ચકાસીને જ પ્રવેશ આપવા આયોજકોને સૂચના

સુરતઃ નવરાત્રી મહોત્સવ દરમિયાન ગરબાની ધાર્મિક પવિત્રતા, સુરક્ષા અને વ્યવસ્થા જાળવવાના નામે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ સુરત મહાનગર દ્વારા વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સંગઠન દ્વારા ગરબા પંડાલોમાં બિન હિન્દુઓના પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની સાથે કાર્યક્રમ સાથે સંકળાયેલા કલાકારો, વીડિયોગ્રાફરો, કોન્ટ્રાક્ટરો અને અન્ય સ્ટાફ હિન્દુ જ હોવા જોઈએ તેવી માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત, ગરબા સ્થળે પ્રવેશનાર દરેક વ્યક્તિનું ફોટો ઓળખપત્ર અથવા આયોજકો દ્વારા આપવામાં આવેલા અધિકૃત પાસની ચકાસણી કર્યા બાદ જ પ્રવેશ આપવા સૂચના અપાઈ છે. માર્ગદર્શિકાનું પાલન નહીં થાય તો વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. VHPના અધ્યક્ષ અનિલ રુંગટાએ જણાવ્યું હતું કે નવરાત્રિ દરમિયાન ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓનું જતન થાય તે માટે ગરબા આયોજકોએ વિશેષ તકેદારી રાખવી જોઈએ. ગરબા રમવા આવતા ભાઈ-બહેનોને કપાળમાં તિલક લગાવીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પ્રેરિત કરવાની પણ અપીલ કરવામાં આવી છે. સ્ટેજ પર રજૂઆત કરતા કલાકારો, વીડિયોગ્રાફરો અને અન્ય કોન્ટ્રાક્ટરો હિન્દુ હોવા જોઈએ તેવી સ્પષ્ટ માંગ સાથે આયોજનોમાં કામ કરતા તમામ સ્ટાફની ઓળખ અને વિગતોની ચકાસણી કરવા જણાવાયું છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### નીટ પેપર લીકની અસર...

રાખવામાં આવશે. આ પગલું આ વર્ષની શરૂઆતમાં મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ-યુજીના પ્રશ્નપત્ર લીક થવાના વિરોધમાં લેવામાં આવ્યું છે, જેના કારણે દેશભરમાં વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન થયું હતું અને તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. પ્રધાનના રાજીનામાના એક દિવસ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પરીક્ષા પ્રણાલીને લીક પ્રૂફ બનાવવા માટે ભલામણો કરવા ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નીલેકાણીના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત કરી હતી. આ સમિતિએ હજી સુધી પોતાનો અહેવાલ સુપરત કર્યો નથી.

સીબીઆઈની ચાર્જશીટ અનુસાર, જેમાં ત્રણ વિષય નિષ્ણાતોને પેપર લીકના પ્રાથમિક સ્ત્રોત તરીકે ઓળખવામાં આવ્યા છે, એનટીએમાં ગોપનીય વિભાગમાં પ્રવેશ કે બહાર નીકળતી વખતે નિષ્ણાતોની કોઈ ચકાસણી કે તલાશી લેવામાં આવતી ન હતી. આનાથી નિષ્ણાતોને રફ કામ અને અનુવાદ માટે પૂરા પાડવામાં આવેલ સાદા કાગળમાંથી બનાવેલી નાની ચીટ્સ પર તૈયાર પ્રશ્નપત્રોમાંથી નોંધો લેવાની છૂટ મળી હતી.

### UPમાં વરસાદનો કહેર...

લેવલ બુલેટિન'માં જણાવ્યું હતું કે, ઘાઘરા અને રાપ્તી નદીઓ અનેક નિરીક્ષણ સ્ટેશનો પર વધતા વલણ દર્શાવી રહી છે, જેનાથી નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું જોખમ ઊભું થયું છે. અયોધ્યામાં, નદીના પાણીનું સ્તર ૯૧.૭૩ મીટરના ચેતવણી સ્તર સામે ૯૨.૩૯ મીટર પર હતું અને તે વધીને ૯૨.૮૫ મીટર થવાની આગાહી કરવામાં આવી હતી. ભારે વરસાદને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં મોટા પાયે પાણી ભરાઈ ગયા છે.

### નેપાળમાં હિમલુંગ...

જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે, આ અભિયાનના એક સભ્યએ ફોન કરીને માહિતી આપી હતી કે બેઝ કેમ્પ પર હિમસ્ખલન થયા બાદ તેમના સાથીઓ ગુમ થઈ ગયા છે. પ્રવાસન વિભાગના મહાનિર્દેશક રામકૃષ્ણ લામિછાને જણાવ્યું હતું કે અધિકારીઓ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છે, તેમ 'ધી કાઠમંડુ પોસ્ટ' અખબારે અહેવાલ આપ્યો હતો. આ ઘટના નેપાળના પહાડી જિલ્લાઓમાં સતત પડી રહેલા વરસાદ અને બરફવર્ષા વચ્ચે બની છે, જેના કારણે ભૂસ્ખલન અને પૂરની સ્થિતિ સર્જાઈ છે.

### UN સુરક્ષા પરિષદમાં...

ઈકોનોમિક યુનિયન સાથે મળીને કામ કરીને વિશ્વની સ્થિતિ સુધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું, અમે એક એવા એજન્ડાને પ્રોત્સાહન આપી રહ્યા છીએ જેની પાછળ આપણે બધા એક થઈ શકીએ - એકીકૃત કરતો એજન્ડા, નક્કર વિચારો અને યોજનાઓ. આજે, જે વિષય પ્રમુખ સ્થાને આવી રહ્યો છે તે આંતરરાષ્ટ્રીય માહિતી સુરક્ષાનો છે. સ્પષ્ટપણે, આ ચર્ચાઓમાં અન્ય સંકુચિત મંચો નહીં પરંતુ UNએ કેન્દ્રીય ભૂમિકા ભજવવી જોઈએ.

### UPI સંબંધિત...

– જે યુપીઆઈના ટ્રાન્સફર વોલ્યુમના 37 ટકા અને તેના ટ્રાન્સફર મૂલ્યના 70 ટકા હિસ્સો ધરાવે છે –તેના પર કોઈ ચાર્જ લાગશે નહીં, પછી ભલે રકમ ગમે તેટલી મોટી હોય.

સર્વોચ્ચ અદાલતના 28 સપ્ટેમ્બરના કોઝ લિસ્ટ મુજબ, આ અરજી ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત અને ન્યાયાધીશો જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બેંચ સમક્ષ સુનાવણી માટે આવશે.